ગ્રામરક્ષક /સાગર રક્ષક દળના સભ્યોના ફરજ ભથ્થાના
દર અંગેની સંકલિત સુચનાઓ બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃગરદ/૧૦૯૭/૩૩/પાફા/ફ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૧૭/૧૦/૨૦૧૫.

વંચાણે લીધાઃ-

(૧) ગૃહ વિભાગના તા.૩/૭/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંકઃગરદ/૧૦૭૮/૨૯૨૯/ફ.
(૨) ગૃહ વિભાગના તા.૧/૧૧/૧૯૯૯ ના ઠરાવ ક્રમાંકઃગરદ/૧૦૯૦/૨૬૮/ફ.
(૩) ગૃહ વિભાગના તા.૨૨/૫/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃગરદ/૧૦૯૭/૩૩/પાફા/ફ.
(૪) ગૃહ વિભાગના તા.૧/૧૦/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃગરદ/૧૦૯૭/૩૩/પાફા/ફ.

ઠરાવઃ-

ગ્રામરક્ષક /સાગર રક્ષક દળના જવાનોને ચુકવવામાં આવતા ફરજ ભથ્થા તથા પ્રવાસ ભથ્થાના દરોમાં વખતો વખત વધારો કરવા બાબતે ઉપર જણાવ્યા મુજબના ઠરાવો બહાર પાડવામાં આવેલ છે. આ અંગેના જુદા જુદા ઠરાવો સંકલિત કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

કાળજીપૂર્વકની વિચારણાના અંતે ઉપર જણાવ્યા મુજબની તમામ સુચનાઓ રદ કરી ગ્રામરક્ષક /સાગર રક્ષક દળના જવાનોને ચુકવવામાં આવતા ફરજ ભથ્થા તથા પ્રવાસ ભથ્થાના દર તથા તે અંગેની સુચનાઓ નીચે મુજબ અમલી રહેશે.

| ક્રમ | વિગત | પ્રવર્તમાન દર |
|---|---|---|
| ૧ | દૈનિક ફરજ ભથ્થું (ફરજ તથા તાલીમના સમય માટે) | રૂા.૧૦૦/- (રૂપિયા એક સો પુરા) |
| ૨ | પ્રવાસ ભથ્થું | રૂા.૩૦/- (રૂપિયા ત્રીસ પુરા) |

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૪૬, મુખ્ય સદર ૨૦૭૦, અન્ય વહીવટી સેવાઓ, ૧૦૬- નાગરિક સંરક્ષણ, પેટા સદર(૨) ગ્રામરક્ષક દળ હેઠળ ઉધારવાનો રહેશે અને જે તે વર્ષ માટે મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય બધેકા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
- સ્પે.નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ અને ગ્રામરક્ષક દળ, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.....
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી...
- શાખા સિલેકટ ફાઇલ.